# સાબરકાંઠામાં ઝરમર વરસાદ પડતા ઠંડક પ્રસરી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લામાં કાળા ડીબાંગ વાદળો વચ્ચે રવિવારે સર્વત્ર ધીમીધારે વરસાદ વરસ્યો હતો. રવિવારે સવારથી જ ઝરમર ઝરમર વરસાદમાં પલળવાની લોકોએ મજા માણી હતી. જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં ધનસુરામાં ૭૫, વડાલીમાં ૪૫ અને પ્રાંતિજ પંથકમાં ૪૮ મી.મી. સહિત જિલ્લામાં સર્વત્ર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી ચોવીસ કલાકમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે રવિવારે પણ આકાશ વાદળોથી ગોરંભાયેલું રહ્યાથી સવારથી સાંજ સુધી ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. દરમિયાન છેલ્લા ચોવીસ કલાકમાં ધનસુરામાં ૭૫, વડાલીમાં ૪૫ અને પ્રાંતિજ પંથકમાં આવેલા તાજપુર કુઈ, મજરા, ઓરણ, ઘડકણ સહિતના વિસ્તારોમાં સતત ત્રણ કલાક વરસાદ પડ્યો હતો. જો કે હિંમતનગરમાં દિવસ દરમિયાન ૪ મી.મી. વરસાદ પડ્યો હતો. રવિવારે રજાનો દિવસ હોવાથી વાદળછાયો રહ્યો હતો તેથી આગામી દિવસોમાં વરસાદ પડવાની શક્યતા નકારી શકાતી નથી.

**ચોવીસ કલાકમાં પડેલ વરસાદ (મી.મી.)**

| | |
|---|---|
| ધનસુરા | ૭૫ મી.મી. |
| હિંમતનગર | ૪ મી.મી. |
| ખેડબ્રહ્મા | ૧૦ મી.મી. |
| માલપુર | ૧૧ મી.મી. |
| મેઘરજ | ૧૦ મી.મી. |
| મોડાસા | ૨૦ મી.મી. |
| પ્રાંતિજ | ૪૮ મી.મી. |
| તલોદ | ૧૫ મી.મી. |
| વડાલી | ૪૫ મી.મી. |
| વિજયનગર | ૦૨ મી.મી. |

# ડીસાના માલગઢ ખાતે ભેખડ ધસી પડતા એકનું મોત

ડીસા, તા. ૨૮

ડીસા પંથકમાં વરસાદી વાતાવરણમાં ખેતરમાં આવેલી ભેખડમાંથી ઈંટોના રોડા કાઢતી વખતે અચાનક ભેખડ ધસી પડી હતી. જેમાં ૩ મજૂરો દટાયા હતા. આસપાસના લોકોએ બચાવ અને રાહત કામગીરી આરંભીને મજૂરોને બહાર કાઢતા એકનું મોત નિપજ્યું હતું. અન્ય બે નો આબાદ બચાવ થયો હતો. ઘટનાની જાણ આસપાસના રહિશોને થતા લોકોના ટોળેટોળા ડીસા સરકારી હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા.

આ ઘટના અંગેની મળતી વિગતો જોતા હાલ ચોમાસાની ઋતુમાં જમીન પોચી હોઈ ખોદકામ કરવું જોખમી હોય છે જો કે પેટનો ખાડો પુરવા શ્રમજીવી લોકોને આવા સમયે પણ મજુરી કરવી પડતી હોય છે ત્યારે સર્જાતા અકસ્માતો જીવલેણ બની શકે છે.

આવો જ એક કિસ્સો બનાસકાંઠાના ડીસા તાલુકાના માલગઢ ગામે પ્રકાશમાં આવેલ છે. જેમાં ખોદકામ દરમ્યાન ભેખડ ધસી પડતા ૩ મજૂરો દટાયા હતા. જેમાં એકનું ગૂંગળાઈ જવાથી મોત થયું હતું, આ મજૂરો ડીસાના બાઈવાદા ગામના હતા. જેઓ મજૂરી કામે માલગઢ ગામના ગોવિંદભાઈ માલાજી માળીના ખેતરમાં કામ કરતા હતા. આ મજૂરોમાં મુકેશ મગનજી માજીરાણા તેમજ શંકર નરશીહજી માજીરાણા અને એક અન્ય ઈસમ જૂની ભેખડમાંથી ઈંટોના રોડા કાઢી રહ્યા હતા. તેવા જ વરસાદથી ભેજવાળી બનેલી ભેખડ તેમના પર ખાબકી હતી. જેમાં આ ત્રણ મજૂરો દટાયા હતા. જો કે આજુબાજુના લોકો દોડી આવતા તેમને રાહત અને મદદ પહોંચાડી આ ત્રણ મજૂરોને બહાર કાઢ્યા હતા. જેમાં મુકેશ મગનજી માજીરાણાનું કરૂણ મોત થયું હતું. જ્યારે શંકર નરશીહજી માજારાણા અને અન્ય ઈસમને નાની મોટી ઈજા હોઈ ૧૦૮ મારફતે સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે લાવ્યા હતા.આ ઘટનાની જાણ થતા શ્રમજીવી યુવકોના પરીવારજનો સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા. અને રોકકળ કરતા ભારે શોકનું વાતાવરણ ફેલાયું હતું.



# બાબસરમાંથી બોગસ તબીબ પકડાયા

હિંમતનગર, તા.૨૮

સાબરકાંઠા જિલ્લામાં આવેલા અનેક અંતરિયાળ વિસ્તારોમાં ગરીબ દર્દીઓ સાથે બોગસ તબીબો ચેડા કરી રહ્યા છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે વડાલી તાલુકાના બાબસર ગામેથી એક બોગસ તબીબને સારવાર કરતા રંગે હાથ ઝડપી લીધા હતા. ત્યારબાદ તેમની વિરૂધ્ધ ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન શનિવારે સાંજના સુમારે વડાલી તાલુકાના બાબસર ગામેથી રતનભાઈ વણઝારા (રહે. વેડા છાવણી, તા. વડાલી) વિષ્ણુભાઈ ચેનવાને ડ્રીપ ચઢાવી સારવાર આપતા હતા. આ જ વખતે ડભોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર જીજ્ઞેશભાઈ અસારી તથા બ્લોક હેલ્થ ઓફીસર એ.એસ. ચારણ સહિત અન્ય અધિકારીઓએ બાબસર ગામે જઈ રતનભાઈ વણઝારાને રંગે હાથ ઝડપી લીધા હતા. ત્યારબાદ મેડીકલ ઓફીસર જીજ્ઞેશભાઈ અસારીએ રતનભાઈ વણઝારા વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અહીમા-સાવલી માર્ગ પર ટેન્કર પલ્ટી જતા ચાલકનું મોત

ઉમરેઠ, તા. ૨૮

આણંદ જિલ્લાના અહીમા-સાવલી માર્ગ પર ગતરોજ કેમિકલ ભરેલું ટેન્કર માર્ગની લોખંડની રેલીંગ તોડી પલ્ટી ખાઈ જતા ચાલકનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યુ કરૂણ મોત નિપજ્યું હતું. ખંભોળજ પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તરપ્રદેશના ગજરાલાથી ગજેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ રાજપૂત કેમિકલ ભરી ટેન્કર નં. જીજે-૬-એક્ષએક્ષ-૯૭૩૫ લઈને સાવલી તરફ આવી રહ્યા હતા. દરમ્યાન અહીમા-સાવલી માર્ગ પર વળાંક પાસેના ગરનાળાથી પસાર થઈ ત્યારે એકાએક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટેન્કર લોખંડની રેલીંગ તોડી માર્ગ પરથી ટેન્કર પલ્ટી ખાઈ જતા તુરંત ફાયરબ્રિગેડને જાણ થતાં તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ભારે જહેમત બાદ અંતે ટેન્કરના કેબીનમાં ફસાયેલ ચાલકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આ મામલે ખંભોળજ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરના ફાઈનાન્સરની હત્યાને લઘુમતી સમાજે સખ્ત શબ્દોમાં વખોડી કાઢયો




## તમામ સમાજને ભાઈચારા અને શાંતિ જાળવવા માઈનોરેટી વિભાગના પ્રમુખ ખાદીમભાઈનો અનુરોધ

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગર પાસેના વક્તાપુર ખાતે એક ફેક્ટરીમાં ઉઘરાણીએ ગયેલા ફાઈનાન્સરની ફકેટરી માલિકે હત્યા કરી મૃતદેહને કબ્રસ્તાનમાં દફનાવી દેવાની ઘટનાના મુદ્દે ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જેને સાબરકાંઠા માઈનોરીટી ડીપાર્ટમેન્ટના પ્રમુખે સખત શબ્દોમાં વખોડી અને દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઈડર તાલુકાના મોટી વાડોલ ગામના વતની અને હિંમતનગરમાં વસવાટ કરતા અને ફાઈનાન્સરનો ધંધો કરતા ૩૫ વર્ષીય યુવાન ધર્મેન્દ્ર પટેલ મંગળવારના રોજ હિંમતનગર તાલુકાના વક્તાપુર ગામે આવેલી એક ફકેટરીમાં ઉઘરાણી માટે ગયા હતા તે દરમિયાન ફેક્ટરી માલિક સાજીદ ભટ્ટ સાથે બોલાચાલી થઈ હતી.

ફેકટરી માલિકે ફાઈનાન્સકારની હત્યા કરી મૃતદેહને નજીકના કબ્રસ્તાનમાં દફનાવી દીધો હતો. જે ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી અને હત્યા મામલે ભારે તંગદિલી ભર્યું વાતાવરણ સર્જાયું હતું. બાદમાં લોકોએ હિંમતનગર-ઈડરમા સજ્જડ બંધ પાળ્યો હતો. જ્યારે મુસ્લીમ સમુદાયે પણ દુકાનો બંધ રાખી હત્યાનો વિરોધ કર્યો હતો અને સાબરકાંઠા માઈનોરીટી ડિપાર્ટમેન્ટના પ્રમુખ ખાદીમભાઈ લાલપુરીએ સમગ્ર માઈનોરેટી સમાજ વતી આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી અને દુઃખદ લાગણી વ્યક્ત કરી હતી અને દરેકને ભાઈચારા અને શાંતિ જાળવવા અનુરોધ કર્યો છે.

# સાબરમતી નદીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

આજે સવારે સાબરમતી નદીમાંથી એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવતા નજીકના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. સવારે ૯:૩૦ વાગ્યાની આસપાસ નજીકના રહીશોએ લાશ જોતા ફાયરબ્રિગેડની ટીમને જાણ કરી હતી. જવાનોએ લાશને બહાર કાઢીને એલિસબ્રિજ પોલીસને જાણ કરી હતી. પોલીસ અધિકારીને પ્રાથમિક તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, યુવકની ઉંમર ૪૦થી ૪૫ વર્ષની છે. પરંતુ તેની પાસેથી ઓળખના કોઈપણ પ્રકારના પુરાવા મળી આવ્યા નથી. અજાણી પુરૂષની લાશ અંગે ગુનો નોંધીને તેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# ઊંઝા માર્કેટ યાર્ડમાં જીરૂ, વરીયાળીની ઓછી આવક

ઊંઝા, તા. ૨૮

ઊંઝા, માર્કેટયાર્ડમાં વિતેલા સપ્તાહ દરમિયાન જીરૂ, વરીયાળી, ઈસબગુલ અને રાયડાની ઘરાકીના અભાવે ભાવોનું વલણ ઘસારા તરફી રહ્યું હતું. આ સપ્તાહે મસાલાની ચીજ જીરાની ઘરાકી સાવ ઓછી હતી. વાયદામાં પણ નીચલી સર્કિટ હતી. જેથી ભાવમાં વરસાઈ ચાલુ રહી હતી. હાલ વાતાવરણમાં સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાંથી જીરૂની આવકો થોડીક થઈ છે. આમ આવક ઓછી છે. તેની સામે ઘરાકી પણ ઓછી છે. તેથી વેપારી કામકાજમાં પણ સાવ પાંખી હાજરી જોવા મળે છે.

પરદેશમાં નિકાસને લગતા કામકાજ ઠપ્પ છે. અગાઉ મે, જૂનમાં દેશમાંથી જીરૂની સારી એવી નિકાસ થઈ હતી. ગત વર્ષની તુલનાએ આ વર્ષે નિકાસ કામકાજમાં ખાસ્સો વધારો થયો હતો. નિકાસમાં વધારો થવાથી ભાવ મજબુત થયા હતા. પરંતુ જુલાઈમાં નિકાસ મંદ પડતા ભાવમાં નરમાશ થયેલ છે. ચાલુ વર્ષે ચોમાસુ વરસાદ સમયસર અને વધુ પડવાથી રવિ સિઝનમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં જીરાનું મબલખ વાવેતર થાય તેવું અનુમાન છે. દરમ્યાન જીરાની નવી ઘરાકી શ્રાવણ ભાદરવા મહિનામાં નીકળવાની ધારણા છે.

# અખીલ ભારતીય આદિવાસી સમાજના ખરાડી પરીવારનો સ્નેહ મીલન કાર્યક્રમ યોજાયો

ભિલોડા, તા.૨૮

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાના મલાસા ગામે તાજેતરમાં કિરણભાઈ ખરાડીની ઉપસ્થિતીમાં ખરાડી પરીવારની બેઠક યોજાઈ. જેમાં દુર-દુરથી પરીવારના આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ખરાડી પરીવારના ઈતિહાસની ચર્ચાઓ કરવામાં આવી હતી. સૌ શિક્ષીત બનો,વ્યસન મુક્ત બનો તેમજ અસામાજિક પ્રવૃતીઓથી પરીવારને દુર રહેવાની સલાહ આપવામાં આવી હતી. આપણો દેશ બિનસંપ્રાદાયીક છે. પ્રત્યેક સભ્યો ભાઈચારાથી દરેક ધર્મનો આદર કરે તેના પર ભાર મુક્યો હતો. અખિલ ભારતીય આદિવાસી મહાસમિતીના રાષ્ટ્રીય અધ્યક્ષ એસ.એસ.ખરાડીએ જણાવ્યું હતું કે આવનારા સમયમાં યાત્રાધામ અંબાજીમાં આપણા સમાજની એક ધર્મશાળા બનાવવાનું આયોજન છે. તે માટે ઘર ઘરથી ફંડ એકત્ર કરી ફાળો આપવો પડશે. ધર્મશાળાનું કામ ઝડપથી પુરૂ થાય તેવી પ્રતિજ્ઞા લેતાં પરીવારના દરેક સભ્યોએ સમર્થન આપ્યું હતું.

# ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડિયમ ન્યુઝ પેપર્સના ગુજરાત એકમના હોદ્દેદારો

પ્રેસ કાઉન્સીલ, ભારત સરકારની માન્યતા ધરાવતી નવી દિલ્હી સ્થિત ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપર્સના ગુજરાત એકમના હોદ્દેદારો વરણી અંગે તા. ૨૪-૦૭-૨૦૧૩, બુધવારના રોજ વિશ્રામગૃહ, ગાંધીનગર ખાતે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, સાબરકાંઠા, ભાવનગર, કડી, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર, કપડવંજ, નડીયાદ, ઈડર, મોડાસા, પાલનપુર સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ઉપસ્થિત તંત્રીશ્રીઓની હાજરીમાં યોજાયેલી આ બેઠકની શરૂઆત ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્મોલ એન્ડ મિડીયમ ન્યુઝ પેપર્સ (ઈફસમન), નવી દિલ્હીના જોઈન્ટ સેક્રેટરી શ્રી લક્ષ્મણ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ. તેઓએ સંસ્થાનો ઝીણવટપૂર્વકનો પરિચય આપેલ. ત્યાર બાદ તેઓએ માનવમિત્ર દૈનિકના તંત્રી શ્રીમતી ગીતાબેન પટેલને ગુજરાત એકમના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવા માટેની દરખાસ્ત સભા સમક્ષ મૂકેલ જેને ઉપસ્થિત સર્વે તંત્રીશ્રીઓએ એક જ અવાજમાં અનુમોદન આપેલ.

સંસ્થાએ પારદર્શકતાપૂર્ણ વહીવટ અર્થે સૌ સભ્યોની ઉપસ્થિતિ તેમજ સમંતિ સાથે સભાની અંદર જ અન્ય હોદ્દેદારોના નામની પણ જાહેરાત કરવામાં આવી હતી તે અંતર્ગત મહામંત્રી - શ્રી પાર્થ ઠક્કર (કેપિટલ ક્રાંતિ - દૈનિક), ઉપપ્રમુખો સર્વે - શ્રી હાર્દિક દેસાઈ (ગુજરાત પ્રવાહ), શ્રી વિક્રમભાઈ રાવલ (નૂતન સૌરાષ્ટ્ર), શ્રી જૈનુલ પટેલ (ઈગલ ન્યૂઝ), મંત્રી - શ્રી ફાલ્ગુન ઠક્કર (આજનો યુગ), શ્રી રાજુભાઈ શાહ (સુરેન્દ્રનગર) અને ખજાનચી તરીકે શ્રી લક્ષ્મીચંદ અગ્રવાલ (જનહિતૈષી)ની વરણી કરાયેલ.

રાજ્ય એકમની કારોબારીમાં પાલનપુર - શ્રી રશ્મિનભાઈ મંડોરા (પાલનપુર સમાચાર), ભાવનગર - શ્રી તનસુખભાઈ શાહ (વરૂણ), ભાવનગર - શ્રીમતી વિભૂતી ઓઝા (કેપીપી), સાબરકાંઠા - શ્રી હરેન્દ્રભાઈ રાવલ (આગેકુચ)ને જવાબદારી સોંપવામાં આવી હતી.

જિલ્લા પ્રમુખ તરીકે પાલનપુર ખાતે શ્રી અનિલભાઈ ઠાકર (બનાસ દર્શન), શ્રી રાજેન્દ્રભાઈ દવે (મયૂર ધ્વજ), શ્રી મહેન્દ્રભાઈ પટેલ (મહેસાણા), ઝોન ઈન્ચાર્જમાં સૌરાષ્ટ્ર ખાતે શ્રી પ્રવિણભાઈ જાંજલ (સુવાસ)ની પસંદગી કરવામાં આવી હતી. જ્યારે એડવાયઝરી કમિટીમાં કપડવંજના શ્રી ગિરીશભાઈ જોશી (જનગર્જના), ગાંધીનગરના શ્રી રમેશભાઈ પટેલ (કેપીટલ વર્તમાન), કડીના શ્રી ભીખાભાઈ પ્રજાપતિ (જયરાજ)ની વરણી કરેલ.

આ સિવાય રાજ્યમાં, જિલ્લા સ્તરે અને ઝોનલ ઈન્ચાર્જ તરીકેના અન્ય નામોની ઘોષણા આગામી મિટીંગમાં કરવામાં આવશે.

સંસ્થાના ગુજરાત એકમના પ્રમુખની જવાબદારી સોંપાયા બાદ પોતાના વક્તવ્યમાં શ્રીમતી ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે સંસ્થાની લાગણી અને આગ્રહને માન આપીને આ પદનો સ્વીકાર કરેલ છે. સંસ્થાએ મારામાં જે વિશ્વાસ મૂક્યો છે તેને સાકાર કરવાની ખાત્રી આપી હતી. આજે જ્યારે પત્રકારત્વની દુનિયા નાની અને છીછરી બનતી જાય છે ત્યારે આપણે સૌએ કલમની તાકાત દ્વારા એક થઈને - સંગઠીત થઈને - એક સૂર પ્રદર્શિત કરવો પડશે. અખબાર નાનું હોય કે મોટું કલમની તાકાત તો સરખી જ હોય છે તેમ પણ તેમણે જણાવેલ. તેઓએ કહ્યું કે પત્રકારત્વ ક્ષેત્રે પરિવર્તન અર્થે સંગઠનની તાતી જરૂરિયાત છે. જો સંગઠન નેક ભાવના સાથે પોતાની રજૂઆતો કરશે તો તેના અવાજની બુલંદી સમગ્ર તંત્રમાં પહોંચશે અને અવશ્યપણે સમાજે તેની નોંધ લેવી જ પડશે. અખબારોને નડતા અનેક પ્રશ્નોનો અભ્યાસ કરીને તેની સુચારુ રૂપે સંબંધિત વિભાગોને રજૂઆત કરીને નિરાકરણ આવે તે માટે સઘન પ્રયત્નની પણ તેઓએ ખાતરી આપી હતી. તેઓએ આ તબક્કે ઉપસ્થિત સૌને આવનારા સમયમાં સંસ્થા દ્વારા કઈ પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું તે અંગેના સૂચનો પણ આપવા જણાવેલ.

ગુજરાત એકમના વરાયેલા મહામંત્રી શ્રી પાર્થ ઠક્કરે પણ મહામંત્રી તરીકેની સુકાન સોંપવા બદલ સૌનો આભાર માનતા સંસ્થા મેમ્બરોને જ્યારે પણ જરૂર હોય ત્યારે સાથે ઉભા રહીને રજૂઆત કરીને પ્રશ્નોના સકારાત્મક નિરાકરણની ખાતરી આપી હતી.

મિટીંગમાં ઉપસ્થિત સભ્યોએ ખૂબ જ સુંદર અને મદદરૂપ સૂચનો પણ આપેલ. જેમાં કેટલાય સમયથી બંધ તેવા પ્રેસ ડેની ઉજવણી, સંગઠનનું સુચારુરૂપ માળખું, પત્રકારોને થતો અન્યાય, ભાવવધારો, વયોવૃદ્ધ પત્રકારોનું સન્માન, ગુજરાતની એસટી જ્યાં જતી હોય ત્યાં સુધી પત્રકારોને વિનામૂલ્યે પ્રવાસની સુવિધા, પત્રકારોના પ્રવાસનું આયોજન, પત્રકાર તાલિમ, સંસ્થા દ્વારા આર.એન.આઈ., ડીએવીપી તેમજ માહિતી વિભાગની નવીન માહિતી, સુધારેલા ફોર્મ, જાહેરખબર - અખબારની નિતી વિગેરે બાબતોને અખબારી જગતના પ્રકાશકો સુધી પહોંચાડવી તેના સૂચનો પણ કરેલ. ગુજરાત એકમના ઉપપ્રમુખ શ્રી જૈનુલભાઈ પટેલે આભારવિધી કરી હતી.

# મહેસાણાના ડૉ. જી. કે. પટેલે ૧૭૦ મી વાર રક્તદાન કરી મહારક્તદાન યજ્ઞ યોજાયો

મહેસાણા, તા. ૨૮

મહેસાણા શહેરના રોટરી હોલ ખાતે પુર્વ નગરપાલિકા પ્રમુખ ડૉ. જી.કે. પટેલે ૧૭૦મી વાર રક્તદાન કરી મહારક્તદાન યજ્ઞ કેમ્પ યોજાયો. ઉત્તર ગુજરાતમાં સૌ પ્રથમ અને ડૉક્ટરોમાં સૌ પ્રથમ ડૉ. જી.કે. પટેલે ૧૭૦મી વાર રક્તદાન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે ભારતવર્ષમાં આપવું અને ત્યાગવુ નો મહિમા ખુબજ રહ્યો છે. પોતાનું સમાજ માટે વાપરે તેને આપણે સંસ્કૃતિના વાહક કહ્યા છે. ડૉ. જી.કે. પટેલે ૧૭૦મી વાર રક્તદાન કરી સમાજ માટે નવો રાહ ચીંધ્યો છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સમાજના છેવાડાની માનવીની ચિંતા કરી છે. રક્તદાન એ દુનિયાનું મોટામાં મોટું દાન છે. રક્તદાન દ્વારા મહામુલી જીંદગી બચાવી શકાય છે. રક્તદાન દ્વારા સમાજમાં આપવાનો નવો મહિમા ઉજાગર કરીએ છીએ.


આ પ્રસંગે સંસદશ્રી જયશ્રીબેન પટેલ, સંસદશ્રી નટુજી ઠાકોર, સંસદશ્રી દિલીપભાઈ પંડ્યા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી જયંતિભાઈ બારોટ, અગ્રણીશ્રી ભીખુભાઈ દલસાણીયા, અનિલભાઈ પટેલ, ખોડભાઈ પટેલ, કૌશિકભાઈ વ્યાસ, અશોકભાઈ ચૌધરી, નગરપાલિકા પ્રમુખશ્રી રોહીતભાઈ પટેલ સહિત રોટરી કલબના પદાધિકારીશ્રીઓ હાજર રહ્યાં હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય


**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ



● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601